શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૧
અંક : ૩

## આંતરાષ્ટ્રિય મહિલા દિન ઉજવણી

ખાંભા તાલુકાના પીપળવા ગામે મહિલા દિવસ ઉજવવાનુ ન્યાય સમિતીએ નકકી કર્યા મુજબ સંમેલનની શરૂઆત 'જવાની જવાની હું તો સંમેલનમાં જવાની' જેવા લોકગીતથી કરવામાં આવી. આજનો દિવસ શા માટે ઉજવવામાં આવે છે? કેટલી બહેનોને આ મહિલા દિનની જાણ છે? જેવાં વિષય પર ચર્ચા ચલાવવામાં આવી.

પુનીબેન કોટડીયાએ જણાવ્યું કે અમેરિકામાં કામની પરિસ્થિતી સુધારવા સ્ત્રી કામદારોએ વર્ષો સુધી સંઘર્ષ કર્યો તેની યાદમાં આજે આપણે મહિલા દિનની ઉજવણી કરીએ છીએ. બહેનોને ઘણા પ્રશ્નો પણ થયા. સ્ત્રીઓને કાપડ ઉદ્યોગમાં કામના બદલામાં ઓછું વેતન મળતું હતું. તે માટે તેને આ લડત શરૂ કરી હતી. કાયદાની જાણ ન હોવાથી આજની તારીખે પણ ખેતમજુર બહેનો સહન કરતી હોય છે.

બહેનોમાંથી પણ પ્રતિભાવો આવ્યા કે આપણે દેશ માટે તો નથી લડી શકતા પરંતુ આપણા હકક માટે પણ નથી લડતા જેમકે સ્વચ્છ અને પુરતુ પીવાનુ પાણી મળવુ, સ્વરોજગારી, બી.પી.એલ., ગંદકી, તેમજ ઘરેલું હિંસા જેવા કાયદાના અમલનાં પ્રશ્નો વિ. તો હવે તેની સામે આપણે લડત શરૂ કરીએ તેમ નકકી થયુ.

### માસ દરમ્યાન

| | | |
|---|---|---|
| ૨ | અસર મીટીંગ | અમદાવાદ |
| ૫ | skvaw ડીરેકટર મીટીંગ | અમદાવાદ |
| ૪ | નાબાર્ડ મીટીંગ | અમરેલી |
| ૭ | સજજતા સંઘ મીટીંગ | અમદાવાદ |
| ૬ | અસર વર્કશોપ | અમરેલી |
| ૧૩/૧૪ | DRR મીટીંગ -ઉન્નતિ | અમદાવાદ |
| ૨૧ | skvawડીરેકટર મીટીંગ | અમદાવાદ |
| ૨૧ | સામાજીક ઉતરદાયિત્વ | અમદાવાદ |
| ૨૧/૨૨ | પેરાલીગલ તાલીમ | અમરેલી |
| ૨૩/૨૪ | પ્રોડકટ કસ્ટમાઈઝેશન | અમદાવાદ |
| ૩૦/૩૧ | Workshop on Climate change | અમદાવાદ |

**માહિતી અધિકાર હેલ્પલાઈન ૯૯૨૪૦૮૫૦૦૦**

### એપ્રિલ-૦૯ ના મહત્વના દિવસો

| | |
|---|---|
| ૩ | રામનવમી |
| ૭ | આરોગ્ય દિવસ |
| ૭ | મહાવીર જયંતિ |
| ૧૦ | ગુડ ફ્રાઈડે |
| ૧૪ | આંબેડકર જયંતિ |

**આત્મીય દેહ શરીર દેહથી અજોડ છે.**

## અપીલ

ગુજરાતની મજુર ચળવળના કાયકર્તા, કર્મશીલો, મહિલાઓ, નબળા વર્ગો, દલીતો, આદીવાસીઓ, મજદુરો વગેરે હાંસીયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો વચ્ચે કાર્યરત એવા સહુ કોઈ માટે ગીરીશભાઈ પટેલ એક સ્વજન નું સ્થાન ધરાવે છે.

માનવ અધિકારોની સુરક્ષા અને સંવંર્ધન માટેના આજીવન લડવૈયા આપણા સહુ માટે ગૌરવરૂપ પ્રેરણાદાતા છે. સીત્તેરના દાયકામાં કટોકટી લાદવામાં આવી ત્યારે લોકશાહી અધિકારો અને માનવ હકકોના જતન માટેની ગીરીશભાઈની લડત ઉદાહરણરૂપ છે. લોક અધિકાર સંઘના નેજા હેઠળ ગીરીશભાઈએ ન્યાયી સમાજ રચના માટે અનેકવિધ પ્રવૃતિઓ કરી. નવનિર્માણ આંદોલન વેળા યુવાવર્ગને હૃદયપુવક પ્રોત્સાહન પુરું પાડયું. ગુજરાત લો કમીશનના સભ્ય તરીકે હોય કે સીટી લો કોલેજના પ્રીન્સીપાલ તરીકે હોય... ગીરીશભાઈના દીલમાં વંચીતોની વેદનાઓ ભણી સંવેદનાનું ઝરણું વહેતું રહયુ છે.

વિકાસને નામે થતાં આદીવાસીઓના વિસ્થાપનો, ઝુંપડપટ્ટીના વિસ્થાપીતો, આદીવાસીઓ, દલીતો, મહીલાઓ અને લઘુમતીઓ પર થતા બેરહેમ અત્યાચારો વેળા ગીરીશભાઈ આ સહુ પીડીતોના પક્ષમાં હાઈકોર્ટ, સુપ્રીમકોર્ટથી માંડીને શેરીઓમાં ખભેખભો મીલાવીને ઉભા રહયા છે.

સત્તાના રાજકારણથી અલીપ્ત રહીને, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ સુધી ગાંઠના ખર્ચે કેસ લડીને ગરીબોને ન્યાય અપાવનાર, આંગળીના વેઢે ગણી શકાય એવા થોડા વકીલોમાં ગીરીશભાઈનું નામ અગ્રક્રમે લેવું જ પડે. સ્થાપીત હિતોની કશી જ શેહશરમ રાખ્યા વગર ગીરીશભાઈ ખુમારીથી જીવ્યા છે અને લડયા છે.

ગીરીશભાઈની આયુયાત્રાના ૭૫ વર્ષે અમે કેટલાક સાથીઓએ એમનું સન્માન કરવાનું વિચાર્યુ છે. આ શ્રી ગીરીશભાઈ પટેલ સન્માન સમીતીની રચના કરવામાં આવી છે. સમીતીના ઉપક્રમે ગીરીશભાઈનું સન્માન કરવામાં આવશે. એ ઉપરાંત જાહેર નિસબત સારુ એમણે લખેલા ૨૦૦ થી વધુ ચર્ચાપત્રોનું, પબ્લીક ઈન્ટરેસ્ટ લીટીગેશન (પીઆઈએલ)ની રીટ અરજીના અનુભવો વગેરે પ્રકાશનો કરવાની અમને હોંશ છે.

આ સમીતીના કાર્યોમાં સહભાગી થવાની અને સક્રીય યોગદાન આપવાની અમે અપીલ કરીએ છીએ.

શ્રી ગીરીશભાઈ પટેલ સન્માન સમીતીના નામે સેંન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામાં બચત ખાતું ખોલાવવામાં આવ્યું છે. બચત ખાતા નં. ૩૦૪૦૪૯૮૪૧૪ છે.

– પર્સીસ જીનવાલા (કાર્યકારી સમિતી વતી)

**દરેકની વિશેષતા અલગ ગુણોથી પંકાય છે.**

## પેરાલીગલ તાલીમ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા અમરેલી મુકામે હરિરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૨૧/૨૨ માર્ચે પેરાલીગલ તાલીમ યોજાઈ જેમાં ૧૭ પેરાલીગલ બહેનોએ ભાગ લીધો હતો.

આ તાલીમમાં ક્ષેત્રિય કામગીરીની અસર જોતા તેમાં પડતી મુશ્કેલીઓના ઉપાય, કાયદાકીય સમજ, પરામર્શની કુશળતા, પોલીસ તથા કોર્ટ માળખું, પિતૃસતાક વ્યવસ્થા, જેન્ડર વિ. બાબતો સમાવી હતી.

શ્રી અશોકભાઈ શેલારે હિંસા અને તેની અસરો તેમજ પિતૃસતાક વ્યવસ્થા સમજી સામાજીક સ્તરે કઈ રીતે બદલાવ લાવી શકાય તેની સમજ આપી. ક્ષેત્રિય કામગીરીને લઈ જુથ ચર્ચા યોજી તેમાં તમે શા માટે જોડાણા ? બહેનોને શું લાભ થાય ? તમે ગર્વ અનુભવો છો ? વિગેરે મુદા પર ચર્ચા કરી. મનન દ્વારા પોતાના પર થયેલ હિંસાની રજુઆત, કેસસ્ટડી દ્વારા પીડીત બહેનોના પ્રશ્નો માટે થયેલ કવાયત તેમજ તે દરમ્યાન રમત દ્વારા શ્રી વિજયાબેન કુકવાવએ માહિતી આપી.

શ્રી ભરતભાઈ વાળાએ આદીમાનવ, સૃષ્ટિના સર્જનથી લઈ ઉભા થયેલા લિંગભેદની વિગતો આપી જેન્ડરને સમજવા પ્રયાસ થયો..

બીજા દિવસે ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયાએ પેરાલીગલ બહેનોએ આગળ જતાં ન્યાયસમીતીને કઈ રીતે મદદરૂપ થઈ શકાય તેમજ પિડીત બહેનોનું કાઉન્સેલીંગ કઈ રીતે કરવું જોઈએ તેની સાચી સમજ એક રોલ પ્લે દર્શાવી તેના પર ચર્ચાના આધારે આપી. કાયદો, પોલીસ, કોર્ટ વિગેરેની પ્રાથમિક જાણકારી હોવી જરૂરી છે તેમ જણાવ્યુ.



એડવોકેટ શ્રી અશ્વિનભાઈ ઠુંમરે લાગું પડતાં દરેક કાયદાઓની સમજ વિસ્તારપુર્વક આપી. જેને લઈને બહેનોએ મુંઝવતા પ્રશ્નો પણ રજુ કર્યા અને નિરાકરણો મેળવ્યાં.

બહેનો દ્વારા આંટીઘુટીવાળી રમત રમ્યા જેનો મુળ હેતુ એવો હતો કે ગામનો પ્રશ્ન ગામના લોકો વધારે જાણતા હોવાથી બહારની વ્યકિત કરતાં ગામની વ્યકિતઓથી પ્રશ્નોનું નિરાકરણ ઝડપથી આવે છે.

**સાચી સલાહ આપે તે જ સાચો ગુરૂ**

**શાસનવ્યવસ્થા**

કોઈ વ્યકિત બોર્ડમાં શા માટે જોડાવા ઈચ્છે છે. એ જાણવું આવશ્યક છે. જો કોઈ વ્યકિત માત્ર એટલે જ બોર્ડમાં જોડાવા માંગતા હોય કે કોઈએ તેને તેમ કહયું હોય, બોર્ડમાં જોડાવા માટેના ઘણા કારણો હોઈ શકે જેમકે, "પોતાની તથા વ્યાવસાયિક પ્રતિષ્ઠા મેળવવા અથવા સંસ્થાને મહત્વપૂર્ણ યોગદાન દેવા" માટે એવું જરૂરી નથી કે પહેલા કારણ કરતાં બીજુ કારણ શ્રેષ્ઠ હોય, કઈ વાતથી પ્રેરિત થઈને લોકો બોર્ડમાં જોડાવા ઈચ્છે છે. તેને સમજવાથી નવા સદસ્યોને ઉચિત યોગદાન પ્રાપ્ત કરવા તથા તેમની સંભાવનાઓને સારી રીતે ઉપયોગ કરવામાં મદદ મળી શકે છે.

**વ્યાવહારિક બાબત**

નવા બોર્ડ સદસ્યના સંબંધમાં નિર્ણય લેતા સમયે થોડી વ્યાવહારિક તથા સામાજીક બાબતો ઉપર વિચાર કરવો પણ જરૂરી હોય છે. ઉદાહરણ તરીકે, જો તેને બોર્ડની બેઠકોમાં હાજરી આપવા માટે દુરથી આવવું પડે, તો સંસ્થા મુસાફરી ખર્ચ આપવા માટેની સ્થિતીમાં છે ? શું બોર્ડ સદસ્ય પોતાની કુશળતાઓ તથા સમય સંસ્થાને આપવાની સ્થિતિમાં છે ? શું તેનો સ્વભાવ એવો છે કે તે બીજા બોર્ડ સદસ્યોની સાથે સારી રીતે કામ કરી શકે.

**બોર્ડ / કારોબારી સભ્યની જવાબદારીઓ**

સંસ્થાઓમાં દરેક બોર્ડ/કારોબારી સભ્યની સામુહિક અને વ્યકિતગત જવાબદારીઓ હોય છે. આ જવાબદારીઓ સંગઠનની આવશ્કતા અને પરિસ્થિતિ અનુસાર બદલતી રહે છે. તેમ છતાં તેમની મુખ્ય જવાબદારીઓ નીચે મુજબ છે.

૧) નવા સભ્યોને બોર્ડમાં સામેલ કરવાની પ્રક્રિયા સરળ બનાવવી.

૨) નવા સભ્યો બોર્ડમાં સામેલ થાય તે પહેલા સ્પષ્ટ કરવું કે બોર્ડની તેની પાસે શું અપેક્ષા છે.

૩) બોર્ડના નવા સભ્યો ફરીવાર બોર્ડમાં સામેલ કરવા યોગ્ય છે તો તેના માપદંડ નકકી કરવા જોઈએ.

ઉપરોકત જવાબદારીઓ ઉપરાંત એક અન્ય જવાબદારી જેને હંમેશા ભુલવામાં આવે છે જે સ્વયં પોતાની કુશળતા અને પોતાની વિશેષતાનું વિશ્લેષણ કરવું અને જોવું કે તે બોર્ડમાં બરાબર ફીટ બેસે છે કે નહી.

**જવાબદારી સ્વીકારતાં પહેલા**

શું આ કામ માટે મારી પાસે સમય છે ?

શું બોર્ડના સભ્ય બનવાથી મને કાનુની અને પોતાનું એકસપોશર પ્રાપ્ત થાય તે સ્વીકાર કરવા માટે તૈયાર છું ?

***તાત્કાલીક નિર્ણય જીવનને બરબાદી તરફ વાળે છે.***

શું એક અધિક સાર્વજનિક પદ કરતાં પડદા પાછળ કામ કરવા માટે હું તૈયાર છું ?
શું હું બોર્ડની બેઠકોમાં કઠિન પ્રશ્ન પુછવાની હિંમત રાખી શકું ?
શું હું બોર્ડની બેઠકોમાં સક્રિય ભુમિકા નિભાવી શકું છું ?
શું હું મેનેજમેંટની સાથે સારા સંબંધ સ્થાપિત કરી શકું તથા જયાં જરૂર લાગે ત્યાં રચનાત્મક પ્રવૃતિ કરી શકું ?
શું મારો નેતૃત્વ ધરાવતા પદો ઉપર કામ કરવાનો અનુભવ છે ?
શું હું વિશિષ્ટ કાર્ય ઉત્સાહપુર્વક હાથમાં લેવા માટે તૈયાર છું ?

**જવાબદારી સ્વીકાર્યા પછી**

સંગઠનના બોર્ડના વ્યકિતગત સદસ્ય હોવાને નાતે સંગઠનનું વિઝન, મિશન, ધ્યેય, ઉદેશ્ય, નિતિઓ, કાર્યક્રમ, સેવાઓ, શકિતઓ તથા આવશ્યકતાઓથી પરિચય મેળવવો.
સંગઠનને રસ પડતા ક્ષેત્રોના પ્રવાહ પર નજર રાખવી.
વ્યકિતઓ પાસેથી મળેલ સુચનાઓના આધારે પક્ષપાતભર્યા નિર્ણયો લેવાથી બચવું.
બોર્ડમાં નવા નામાંકન માટે એવા સ્ત્રી તથા પુરૂષના નામ બતાવવા જે સંગઠનના ક્ષેત્રમાં મહત્વપુર્ણ યોગદાન કરી શકે છે. તેમજ સંતુલિત પ્રતિનિધિત્વ હોય.

<u>સંગઠનની બોર્ડની બેઠકોમાં</u>

બેઠક માટે પુરી તૈયારી કરવી.
સમય અનુસાર તથા મહત્વપુર્ણ પ્રશ્ન પુછવા.
બોર્ડના નિર્ણયોનું સમર્થન કરવું.
ચર્ચાઓને ખાનગી રાખવી.
કાર્યસુચીમાં સામેલ કરવા માટે મહત્વપુર્ણ, નિતિગત વિષય પર સમયે સમયે નિર્દેશ કરતું રહેવું.

<u>બોર્ડ સદસ્ય તરીકે સંગઠનના કર્મચારીઓ સાથે મેલ-મિલાપ</u>

સંસ્થાના સંચાલકને સંગઠનની વ્યકિતઓ અને સમુહ સાથે સંબંધ બનાવવા માર્ગદર્શન આપવુ. સંચાલકો માટે આ કામ ઘણું મુશ્કેલ હોય છે અને તેને સતત માર્ગદર્શનની જરૂર રહે છે.
સંગઠનના કર્મચારીઓ પાસેથી વિશેષ માંગણી ન કરવી (જેમકે બોર્ડના અધ્યક્ષ કે સબંધિત સમિતિના અધ્યક્ષ સાથે ચર્ચા કરતા પહેલા કર્મચારીઓ પાસેથી જાણકારી મેળવવી).
જે વ્યકિતઓને ફરિયાદ છે, તેમને પોતાના પર્યવેક્ષકો દ્વારા સ્થાપિત થયેલ નિતિઓ તથા જોગવાઈઓનો સહારો લેવા માટે સલાહ આપવી.

(સુશાસન જાન્યુઆરી ૨૦૦૯માંથી સંકલિત)

**સાહિત્ય જ્ઞાનનું ભંડાર છે.**

## અસર

પ્રથમ દ્વારા અસર ૨૦૦૮નો સર્વે રીપોર્ટ તૈયાર થતા તે અંગે તા.૨/૩/૦૯ના રોજ આ અસર સર્વેમાં જોડાયેલ પાર્ટનર સ્વૈ. સંસ્થાઓ સાથે રિપોર્ટમાં આવેલ તારણોની ચર્ચા માટે કાર્યશાળા યોજાઈ. ભારત ભરના બાળકોનો સર્વે થયો હતો તેની વિગતો આપવામા આવી. આ સર્વેમાં દરેક પાર્ટનર સ્વૈ. સંસ્થાઓ ૩૦ વોલિન્ટીયર્સ નીમવામાં આવેલા હતા. આ વખતે ગુજરાત રાજયના બાળકોનો ૨૦૦૭ના સર્વેની સરખામણીએ ૨૦૦૮ના સર્વેમાં નોંધપાત્ર ફેરફાર દેખાતો હતો. ૨૦૦૮ના રીપોર્ટની આંકડાકીય માહિતીને દરેક જીલ્લાના વોલિન્ટીયર્સ સમક્ષ જાહેર કરવા માટે દરેક સ્વૈ. સંસ્થાઓએ પોતાની સંસ્થામાં સ્થાનિક સ્વયંસેવકો સાથે એક મીટીંગ યોજવી તેમ નિર્ણય લેવામાં આવ્યો.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા આ મીટીંગ તા. ૬/૩/૦૯ના રોજ અમરેલી સંસ્થાના કાર્યાલય પર યોજવામાં આવી. જેમાં સંસ્થાના કાર્યકરો/વોલિન્ટીયર્સ તથા પ્રથમના કાર્યકર અજય સોલંકી તથા તેમની ટીમના સભ્યોએ હાજર રહી તમામ વોલિન્ટીયર્સની માહિતી એકત્રીકરણની પ્રક્રિયા અને આ રિપોર્ટમાં મળેલા તારણો તેમજ અગાઉના રિપોર્ટના તારણોમાં માહિતી એકત્રીકરણમાં છુટેલી બાબતોની ચર્ચા કરી હતી.

## અભિયાન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ખાંભા કાર્યક્ષેત્રમાં પ્રવાહ દ્વારા સ્વચ્છતા અને સુખાકારી અંગેનું લોક જાગૃતિ અભિયાનમાં ૭ ગામો ( નાનુડી, ઉમરીયા, તાતણીયા, ભાડ, લાસા, ગીદરડી, ધાવડીયા) ને આવરી લેવાયા. જેમાં રેલી સાથે સુત્રોચ્ચાર, સ્વચ્છતા અને સુખાકારી અંગેનું સાહિત્ય વિતરણ, લક્ષિત સમુહ સાથે જુથ ચર્ચા (એફજીડી) તેમજ ગ્રામ સફાઈ જેવી પ્રવૃતિઓ કરવામાં આવી.

**અભિયાન દરમ્યાન જોવા મળેલી ગામમાં સ્વચ્છતા અંગેની સુવિધાઓ**

કુલ ૩ ગામોમાં ખરાબ પાણીના નિકાલ માટે શોષખાડાની સગવડો છે, જયારે ૪ ગામોમાં એકપણ સુવિધાઓ ઉપલબ્ધ નથી.

**ગામમાં સ્વચ્છતા અંગેના પ્રશ્નો**

દરેક ગામમાં ખરાબ પાણી બજારોમા તથા જાહેર સ્થળોએ જોવા મળતું હતું તેમજ બજારોમાં કચરાના ઢગલા તથા ઉકરડા જોવા મળતા હતા. સમુદાય સ્તરે તેમજ સ્થાનિક સ્વશાસનના સ્તરે આ બાબતની ઉદાસીનતા જોવા મળી. આમ, અભિયાન દરમિયાન સ્વચ્છતા અંગેના ઘણા પ્રશ્નો જોવા મળ્યા.

---

**આપણો અધિકાર આપણી જવાબદારી**

*બંધિયાર જીવન નર્કનું દ્વાર છે.*

## કૃષિ આધારિત જોખમો

ખેતી આધારિત જોખમો અંગે ખરીફ ૨૦૦૮માં વર્ષા વિમા અંગેના પ્રિમીયમ ખાંભા અને અમરેલી તાલુકાના ખેડુતોએ ભર્યા હતા. અમરેલી વેધર સ્ટેશનને ધ્યાનમાં લઈ બનેલી પ્રોડકટ ખાંભા તાલુકામાં ઉપયોગમાં લેવાઈ હતી. જેનાથી ખેડૂતોને ખાંભાના વરસાદના આંકડા મુજબ કલેઈમ ચુકવાયા હોત તો તેમને કદાચ મગફળીમાં પણ યોગ્ય વળતર મળી શકયુ હોત. જયારે આ કિસ્સામા માત્ર કપાસમાં થોડુ વળતર મળ્યું. આ તમામ બાબતોની ખેડૂતો સાથે ચર્ચા કરવા તેમજ વર્ષા વીમો ખરીફ ૨૦૦૮ ના કલેઈમની રકમના ચેક વિતરણ ખેડુત ખાતેદારોમાં કરવા તાલુકા કક્ષાની મીટીંગ તા. ૨૮ ફેબ્રુઆરી ૦૯ ના રોજ ખાંભા મુકામે રાખવામાં આવી હતી.

મીટીંગની શરૂઆત શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર વતી આવેલ ખેડુતોનું સ્વાગત રંજન રાદડિયાએ કર્યુ હતું. ઉપસ્થિત ખેડુતોને ખેતી આધારિત જોખમો અંગેની ચર્ચામાં ભાગ લેવા બદલ આનંદ વ્યકત કર્યો સાથે સાથે આજના કાર્યક્રમની રૂપરેખા તેમજ કાર્યક્રમના ઉદેશ અંગે માહિતી આપી હતી.

ગયા વર્ષે વર્ષાવિમાની પોલીસી જે ખેડુતોએ લીધી હતી અને જે અંગે ગેરસમજ તથા અનુમાન થયા તે અંગે વર્ષ દરમિયાન ઘણી મિટીંગોમાં સંસ્થાની ટીમના સભ્યો તથા સજજતા સંઘના કોઓર્ડીનેટર દ્વારા ચર્ચા થઈ હતી. જે અંગેની વિગતો વિપુલભાઈએ વિસ્તાર પુર્વક ખેડુતો આગળ મુકી. તેમજ વર્ષ દરમ્યાન સજજતાસંઘ દ્વારા યોજાયેલ સમિક્ષા બેઠકોમાં ભાગ લીધો હોય તે ખેડૂતોના પ્રતિભાવ, સૂચનો તેમજ અન્ય પાર્ટનર સંસ્થાએ કરેલ ટીકા ટીપ્પણીઓ પર સૌ ખેડૂતોને માહિતગાર કર્યા હતા. ખેડૂતોના અસંતોષ વચ્ચે પણ સૌનો મત એવો હતો કે આ જોખમ સામે રક્ષણ મેળવવા વેધર બેઈઝ ઈન્સ્યોરન્સ જરૂરી છે.



ગત વર્ષમાં કપાસ અને મગફળી માટે વરસાદ આધારિત વીમાના જે પ્રિમિયમ ૪૯ ખેડૂતોએ ભરેલ તે પૈકી કપાસના પ્રિમિયમ ભર્યા હતા તે ૯ ખેડુતોના વીમાના કલેઈમ મંજુર થયા હતા. આ તમામ ખેડૂતોને ન્યાય સમિતીના બહેનો, અવિરત કંપનીના ડાયરેકટરશ્રીઓ તથા સંસ્થાના પદાધિકારીઓના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

**મુશ્કલીઓથી માનવી ઘડાય છે.**

ખરીફ–૨૦૦૯ માટે પ્રોડકટ બનાવવાની કામગીરી ફરી ચાલી રહી છે. અશોકભાઈએ છેલ્લા ૧૫ વર્ષના અમરેલી વેધર સ્ટેશનના વરસાદના આંકડા આધારે પ્રોડકટના જુદા જુદા વિકલ્પો કઈ રીતે તૈયાર થયા હતા તે તેમજ હવે ખાંભાના આંકડા મુજબ તૈયાર થઈ રહેલી પ્રોડકટની વિગતો આપી હતી. આગળ આ બાબતે એગ્રીકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની, કન્સલ્ટંટ તથા સજજતાસંઘ વચ્ચે ચાલી રહેલી આ પ્રક્રિયાથી ખેડૂતો સતત વાકેફ રહે અને સૂચનો મેળવતા રહીએ.

વરસાદ આધારિત પાકમાં થતાં નુકશાનને પહોંચી વળવા માટે આ પોલીસીનું પ્રિમિયમ ઉંચુ અને કલેઈમની રકમ નીચી હોવા છતાં ગયા વર્ષે ૫૦ ખેડુતો જોડાયા હતા. આ બાબતને ખેડુતો સાથેની છેલ્લી મીંટીંગમા ચર્ચવામાં આવી ત્યારે છેવટે એવું જણાવ્યું કે વરસાદ આધારિત વીમાની આ બાબત ખેડુતો માટે ખરેખર ઉપયોગી છે તેને ખેડુતો સુધી પહોંચાડવા ડાયાભાઈ પટેલે આગામી આયોજન અંગેની માહિતી આપી હતી. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયાએ છેલ્લા ૧૩ વર્ષથી ખાંભા તાલુકાના ખેડુતો સાથે ચાલતા કામની વિગતો આપી હવે આપણી સામે આવી રહેલા નવા પડકારોનો સામનો કરવા સજજ થવુ જરૂરી છે તે માટે આપણે અવાર નવાર સંવાદ કરવા જરૂરી છે.પ્રશ્નોતરીના અંતે કાર્યક્રમ પુર્ણ જાહેર કરવામા આવ્યો હતો.

અહેવાલઃ રંજન રાદડીયા

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

**Book -Post, Printed Matter**

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સમર્પણ જીવનનું માપદંડ છે.**